# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૮ * એપ્રિલ, ૨૦૦૭



ક્રમબદ્ધનો નિર્ણય કરતાં આત્મા અકર્તા થઈ જાય છે, જ્ઞાતા થાય છે. વર્તમાન સમયની પર્યાયનો પણ અકર્તા-જ્ઞાતા થઈ જાય છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જો પ્રાણી અસુરેન્દ્ર, દેવેન્દ્ર ઔર નરેન્દ્ર (ચક્રવર્તી)કે ભોગોંમેં સંતોષકો નહીં પ્રાપ્ત હુઆ હૈં વહ યહાં મનુષ્યોંકે ભોગોંમેં ભલા કૈસે સંતોષકો પ્રાપ્ત હો સકતા હૈ? અર્થાત્ નહીં હો સકતા હૈ. ઠીક હૈ—જિસકી પ્યાસ સમુદ્રપ્રમાણ જલકે પી લેને પર ભી નહીં બૂઝી હૈ વહ ક્યા તૃણકે અગ્ર ભાગ પર સ્થિત બિંદુમાત્ર જલકે પીનેસે તૃપ્ત હો સકતી હૈ? કભી નહીં. ૯૬૭. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૬)*

❀ ઈસ ધર્મકે વિમુખ જો અપને કુલકા મનુષ્ય હો ઉસે છોડ; ઔર ઈસ ધર્મકે સન્મુખ જો પર કુટુંબકા બી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર. તાત્પર્ય યહ હૈ કિ યહ જીવ જૈસે વિષયસુખસે પ્રીતિ કરતા હૈ વૈસે જો જિનધર્મસે કરે, તો સંસારમેં નહીં ભટકે. ઐસા દૂસરી જગહ ભી કહા હૈ કિ જૈસે વિષયોંકે કારણોંમેં યહ જીવ બારંબર પ્રેમ કરતા હૈ વૈસે જો જિનધર્મમેં કરે તો સંસારમેં ભ્રમણ ન કરે. ૯૬૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.- ૨, ગાથા- ૧૩૪)*

❀ વિષયોંકા ભોગ દુ:ખોંકા સ્વભાવ રખતા હૈ. ઈન હી વિષયોંમેં રમણ કરનસે અનંત જન્મોંમેં ગમન હોતા હૈ. ઈન વિષયોંકો બહુત સૂક્ષ્મ ભાવ હોતા હૈ જો કેવલીગમ્ય હૈ, દ્રવ્યલિંગી મુનિકે ભીતર ઐસા સૂક્ષ્મરાગ હોતા હૈ જો ઉસકો ભી વિદિત નહીં હોતા હૈ. વીતરાગ વિજ્ઞાન સ્વભાવમેં આનંદિત હોનેસે યહ વિષયકા ક્લેશ વિલા જાતા હૈ. ૯૬૯.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ- ૨, પાનું- ૨૧૩)*

❀ કોઈ સમજે કે શરીરસંબંધી દુ:ખ મોટું છે અને માનસિક દુ:ખ અલ્પ છે. તેને અહીં કહે છે કે શારીરિક દુ:ખથી માનસિક દુ:ખ ઘણું તીવ્ર છે—મોટું છે, જુઓ! માનસિક દુ:ખ સહિત પુરુષોને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુ:ખ ઉપજાવવાવાળા દેખાય છે. ૯૭૦. *(શ્રી સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા- ૬૦)*

❀ દર્શનમોહ રહિત (સમ્યગ્દૃષ્ટિ) ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે, પરંતુ દર્શનમોહ સહિત મુનિ મોક્ષમાર્ગમાં સ્થિત નથી જ. તેથી મિથ્યાત્વી મુનિ કરતાં મિથ્યાત્વ રહિત (સમ્યગ્દૃષ્ટિ) ગૃહસ્થ શ્રેષ્ઠ છે. ૯૭૧. *(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા- ૩૩)*

❀ જિસ સમય આત્મા શાંતભાવમેં સ્થિર હો જાતા હૈ વહી મહાન તીર્થ હૈ ઔર જબ યહ આત્મા શાંતભાવમેં નહીં હૈ તબ તીર્થયાત્રા નિરર્થક હૈ. ૯૭૨.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક- ૩૧૧)*

❀

વર્ષ-૧
અંક-૮

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૩
April
A.D. 2007


## ❀ આત્માર્થીનું લક્ષણ : ❀

### ગુરુએ કહ્યું હોય તે બરાબર જ છે—એમ માને

સાચો મુમુક્ષુ હોય તેનાં હૃદયનેત્રો એવા થઈ ગયા હોય છે કે જ્ઞાનીની અપૂર્વ, અંતરમાંથી ભીંજાયેલી, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન પ્રકાશતી તથા અનુભવમાંથી નીકળતી આત્મસ્પર્શી વાણીને ગ્રહણ કરી શકે છે. તેના હૃદયનેત્રો તેવી જાતના ભાવને ગ્રહણ કરવાયોગ્ય થઈ ગયા હોય છે.

જ્ઞાનીનું ક્ષયોપશમજ્ઞાન હોય પણ તે અનુભૂતિવાળું જ્ઞાન છે. જ્ઞાની અંતરથી બોલતા હોય તે જુદું જ નીકળતું હોય છે...જે માત્ર ક્ષયોપશમથી બોલે છે અને અંતરમાં સ્વાનુભૂતિ નથી તેની વાણીનું વજન ક્યાં જાય છે? તેની પરિણતિ શું કામ કરે છે?...હૃદય કઈ જાતનું ભીંજાયેલું છે અને વાણી કઈ રીતે નીકળે છે? તે...વિશેષ પરિચય કરે તો ઓળખી શકાય છે. માત્ર ક્ષયોપશમજ્ઞાનથી જે વાણી નીકળતી હોય તે જુદી જ રીતે નીકળે છે. ક્ષયોપશમથી બોલે તેની ભાષા અને વળાંક અમુક પ્રકારનો આવતો હોય છે.

**જ્ઞાનીએ જે નક્કી કરેલું હોય, ગુરુએ જે કહ્યું હોય તે બરાબર જ છે. હવે કેવી રીતે પ્રવર્તવું તે પોતે પોતાથી વિચારીને, પોતાથી નક્કી કરે.**

જેને આત્માર્થીતા હોય, તે ગુરુએ કહેલા રહસ્ય-અનુસાર નક્કી કરે છે કે 'આ બરાબર છે, વસ્તુસ્વરૂપ આમ જ છે.' પોતે યથાર્થ માર્ગ ગ્રહણ કરીને, નિશ્ચય કરે કે વસ્તુસ્વરૂપ આ રીતે જ છે. *—ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

* * *

# કારણશુદ્ધપર્યાય

## કાર્યનિયમ અને કારણનિયમ

(શ્રી નિયમસાર ગાથા–૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, શ્રી નિયમસાર વંચાય છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે આ 'નિયમસાર'માં અલૌકિક ભાવો ભર્યા છે ને શ્રી પદ્મપ્રભમુનિરાજે પણ ટીકામાં અધ્યાત્મના અલૌકિક ભાવો ખોલ્યા છે. 'નિયમસાર' એટલે શું?—તે ત્રીજી ગાથામાં કહે છે :—

જે નિયમથી કર્તવ્ય એવા, રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.

અન્વયાર્થ : [सः नियमः] નિયમ એટલે [नियमेन च] નિયમથી (નક્કી) [यत् कार्यं] જે કરવા યોગ્ય હોય તે અર્થાત્ [ज्ञानदर्शनचारित्रम्] જ્ઞાનદર્શનચારિત્ર. [विपरीतपरिहारार्थं] વિપરીતના પરિહાર અર્થે (–જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) [खलु] ખરેખર [सारम् इति वचनं] 'સાર' એવું વચન [भणितम्] કહ્યું છે.

ચોક્કસપણે કરવાયોગ્ય જે રત્નત્રય તે નિયમ છે. આમ કહેવાથી વ્યવહારરત્નત્રયના રાગને પણ કોઈ મોક્ષનું કારણ ન માની બેસે, તે માટે શ્રી આચાર્યદેવ સ્પષ્ટ ખુલાસો કરે છે કે 'નિયમ'ની સાથે 'સાર' શબ્દ કહીને અમે વિપરીતનો પરિહાર કર્યો છે એટલે કે નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયનો રાગ તે મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે—એમ બતાવ્યું છે.

મોક્ષને માટે કર્તવ્ય હોય તો તે રાગરહિત શુદ્ધરત્નત્રય જ છે. એ સિવાય શુભરાગ જે વ્યવહારરત્નત્રય છે તે ખરેખર કર્તવ્ય નથી, મોક્ષનું કારણ નથી.

અહો! નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ જે શુદ્ધરત્નત્રય, તે જ મોક્ષમાર્ગ છે. એ સિવાય વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે તે પણ નિશ્ચયરત્નત્રયથી વિપરીત છે, તેથી તે પરિહાર કરવા યોગ્ય છે એટલે કે તેના આશ્રયે મોક્ષમાર્ગ નથી,—એમ જાણીને, તે વ્યવહારનું અવલંબન છોડવા જેવું છે. નિશ્ચયરત્નત્રય તે મોક્ષમાર્ગ છે ને વ્યવહારરત્નત્રય તે તેનાથી વિપરીત એટલે કે બંધમાર્ગ છે.

વ્યવહાર કરતાં કરતાં તેના આશ્રયે નિશ્ચયરત્નત્રય થઈ જશે—એમ જે માને છે, તેણે વિપરીતનો પરિહાર ન કર્યો પણ વિપરીતનો આદર કર્યો, એટલે તેની શ્રદ્ધા વિપરીત થઈ.

અહીં શુદ્ધરત્નત્રયને નિયમથી કર્તવ્ય કહ્યું; તો તે કર્તવ્યનું કારણ કોણ? શુદ્ધ-રત્નત્રયરૂપ નિયમ તે મોક્ષમાર્ગ છે-કાર્યરૂપ છે. કર્તવ્યરૂપ જે કાર્યનિયમ, તેનું કારણ કોણ?—તે અહીં ટીકામાં ખુલ્લું કર્યું છે. કારણ તેને કહેવાય કે જેના આશ્રયથી કાર્ય પ્રગટે. જેમ કાર્ય વર્તમાન છે તેમ તેના આશ્રયભૂત કારણ પણ વર્તમાન જ છે.

અહીં વાત કરવી છે મોક્ષમાર્ગની; પણ ટીકામાં સાથે સાથે તેનું 'કારણ' પણ બતાવીને અલૌકિક વાત કરી છે.

નિયમસાર એટલે સ્વભાવરત્નત્રય. તે સ્વભાવરત્નત્રયના બે પ્રકાર-એક કારણરૂપ અને બીજા કાર્યરૂપ. અહીં તેને કારણનિયમ અને કાર્યનિયમ તરીકે વર્ણવે છે.

"જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે નિયમ (-કારણનિયમ) છે.

નિયમ (-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય-પ્રયોજનસ્વરૂપ-હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર."

જુઓ! આ 'કારણનિયમ' અને 'કાર્યનિયમ'ની અદ્‌ભુત વ્યાખ્યા!! કારણનિયમ તો બધા જીવોમાં ત્રિકાળ વર્તે છે, તે કાંઈ નવા નથી કરવા પડતા પણ તે કારણનિયમનું ભાન કરીને, તેના આશ્રયે કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ નવો પ્રગટ થાય છે અને તે જ ખરેખર કર્તવ્ય છે.

મોક્ષમાર્ગ કેમ થાય? તે વાત આમાં આવી ગઈ. કોઈ પરના આશ્રયે, રાગથી કે વ્યવહારરત્નત્રયના અવલંબનથી મોક્ષમાર્ગ થતો નથી, એટલે તે કોઈ મોક્ષમાર્ગનું કારણ નથી. અંતરમાં શુદ્ધકારણ સદાય વર્તી રહ્યું છે, તે કારણના આશ્રયે જ મોક્ષમાર્ગરૂપી કાર્ય પ્રગટે છે.

મૂળ સૂત્ર તો "णियमेण य जं कज्जं" એટલે કે 'નિયમથી જે કર્તવ્ય છે' એમ કહીને શ્રી આચાર્યદેવને શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ બતાવવો છે. ત્યારે ટીકાકાર શ્રી મુનિરાજે તે મોક્ષમાર્ગરૂપી કાર્યની સાથે તેનું કારણ પણ બતાવીને અદ્‌ભુત ટીકા કરી છે.

જેમ શ્રી 'સમયસાર'માં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે એવી શૈલીથી ટીકા કરી છે કે મૂળ સૂત્રમાં અસ્તિની વાત હોય તો ભેગી નાસ્તિની વાત કરે અને નાસ્તિની વાત હોય તો ભેગી અસ્તિની વાત કરે.—એ રીતે અલૌકિક ટીકા કરી છે, તેમ આ 'નિયમસાર'માં શ્રી પદ્મપ્રભમુનિરાજે કાર્યની સાથે સાથે ત્રિકાળી કારણની (–કારણશુદ્ધપર્યાયની) વાત કરીને ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યા છે.

આ અપૂર્વ વાત છે!! કેટલાક જીવોએ તો જિંદગીમાં આ વાત સાંભળી પણ નહિ હોય.

જીવને નિયમથી કરવાયોગ્ય જે કાર્ય તે નિયમ છે. ક્યુ કાર્ય નિયમથી કર્તવ્ય છે? પ્રથમ શરીરાદિ જડ પદાર્થોના કાર્યો તો આત્માથી જુદાં છે, તે કાંઈ જીવનાં કાર્યો નથી, એટલે તેની તો વાત નથી. બીજું મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી કાર્ય અનાદિથી ક્ષણે ક્ષણે કરીને જીવ સંસારમાં રખડી રહ્યો છે, તે પણ જીવનું ખરું કર્તવ્ય નથી. જેનાથી સંસારનો અભાવ થાય ને પરમાનંદરૂપ મોક્ષદશા પ્રગટે—એવા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ રત્નત્રય, તે જ નિયમથી કર્તવ્ય છે. તેથી શુદ્ધરત્નત્રય, તે 'નિયમ-સાર' છે. શુદ્ધરત્નત્રયરૂપી જે નિયમથી કરવા જેવું કાર્ય, તે કાર્યનું કારણ કોણ?—તે અહીં ઓળખાવે છે.

આત્મામાં સહજ અનંતચતુષ્ટયમય શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ ત્રિકાળ છે. તે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત છે ને તે જ રત્નત્રય પ્રગટવાનું મૂળ કારણ છે. આ કારણના મનનથી કાર્ય પ્રગટે છે એટલે કે તેની દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટી જાય છે.

આ 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' પરમ પારિણામિકભાવે સ્થિત છે અને સ્વભાવરૂપ અનંતચતુષ્ટયમય છે.

તેરમા ગુણસ્થાને જે કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટે તેની આ વાત નથી; પણ આ તો બધાય જીવોને ત્રિકાળ સ્વભાવ–અનંતચતુષ્ટયમય શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ છે તેની આ વાત છે. આ સ્વભાવ–અનંતચતુષ્ટય કહ્યા તે પારિણામિકભાવરૂપ છે ને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટે છે તે તો ક્ષાયિકભાવરૂપ છે.

જીવને પ્રયોજન છે મોક્ષમાર્ગનું; તે મોક્ષમાર્ગ કોના આશ્રયે પ્રગટે?—તે અહીં બતાવવું છે. જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત છે ને સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક છે—એવા શુદ્ધજ્ઞાનચેતનાપરિણામને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે.

અહીં જે 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' કહ્યા તે ત્રિકાળ પારિણામિકભાવે છે. તે ઔદાયિક ચાર ભાવોથી નિરપેક્ષ છે અને દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

ચેતનાના ત્રણ પ્રકારોમાં જે જ્ઞાનચેતના આવે છે તે તો પર્યાયરૂપ છે, કાર્ય છે ને વ્યવહારનયનો વિષય છે.

ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે કારણનિયમ છે ને તેના અવલંબને નિર્મળ કાર્ય પ્રગટી જાય છે.

જુઓ! આ સંતોની વાણી!! જંગલની ગુફામાં રહીને દિગંબર મુનિવરોએ આત્માના અનુભવમાં કલમ બોળીબોળીને આ ભાવો કાઢ્યા છે! છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આત્માના આનંદમાં ઝૂલતા મુનિઓના અનુભવના ઊંડાણમાંથી આ ભાવો નિકળ્યા છે! અહો! સંતો અપૂર્વ વારસો મૂકી ગયા છે.

શુદ્ધરત્નત્રયરૂપી જે તારું કર્તવ્ય, એનું કારણ તારા સ્વભાવમાં જ વર્તે છે. અંતરમાં જ્યારે જો ત્યારે મોક્ષમાર્ગનું કારણ તારામાં વર્તી જ રહ્યું છે. આ કારણને ઓળખીને, તેની સાથે એકતા કરતાં મોક્ષમાર્ગરૂપી કાર્ય થઈ જાય છે.

અંતરમાં કાર્ય-કારણની એકતા સાધતાં સાધતાં આ ટીકા રચાઈ ગઈ છે. જુઓ તો ખરા! ટીકાકારે કેવા ભાવો કાઢ્યા છે!! જંગલમાં બેઠાબેઠા સિદ્ધની સાથે વાતું કરી છે : હે ભગવાન સિદ્ધ! તમે કેવા કારણથી સિદ્ધ થયા? કે—અંતરમાં જે સહજ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ ત્રિકાળ કારણ છે તે કારણના આશ્રયે જ મોક્ષમાર્ગ પ્રગટ કરીને સિદ્ધ થયા છે અને પોતે પણ એવા કારણનું સેવન કરીને સિદ્ધદશાને સાધી રહ્યા છે,—એવા મુનિએ આ ટીકા રચી છે.

'નિયમસાર' કહેતાં શુદ્ધરત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ, તે કોઈ બહારના કારણથી પ્રગટતો નથી. વ્યવહારનો રાગ કે દેહની ક્રિયા, એ કોઈ મોક્ષમાર્ગનું કારણ નથી પણ અંતરમાં પરિપૂર્ણ કારણરૂપે પોતામાં શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ વર્તે છે તે જ મોક્ષમાર્ગનું કારણ છે.—આમ બતાવીને શ્રી આચાર્યદેવે વ્યવહારના અવલંબનની બુદ્ધિ છોડાવી છે.

શુદ્ધરત્નત્રય જે નિશ્ચયમોક્ષમાર્ગ, તેને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહારકારણ છે; કેમકે તે પર્યાયના આધારે કાંઈ મોક્ષ-પર્યાય પ્રગટતી નથી.

શુદ્ધરત્નત્રય તે મોક્ષમાર્ગ તો નિશ્ચયથી છે પણ તે નિશ્ચયમોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે.

સહજ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ—કે જેને આગળ જતાં 'કારણશુદ્ધપર્યાય' કહીને વર્ણવશે-તે મોક્ષનું નિશ્ચયકારણ છે, તેના આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષદશા પ્રગટી જાય છે. મોક્ષદશામાં પણ તે કારણનો (–કારણશુદ્ધપર્યાયનો) અભાવ થતો નથી, મોક્ષદશામાં પણ તે સદાય સાથે ને સાથે રહે છે.

ત્રિકાળ સામાન્ય ધ્રુવ અને તેનું વર્તમાન વર્તતું વિશેષરૂપ ધ્રુવ–તે બંને અભેદ છે ને દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. જેમ સહજ પરમ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવરૂપ છે, તેમ તે પારિણામિકભાવમાં સ્થિત એવા આ સ્વભાવ–અનંતચતુષ્ટમય શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે પણ ધ્રુવરૂપ છે, કારણ નિયમરૂપ છે, દરેક આત્મામાં ત્રિકાળ એકરૂપ રહેલ છે, તે પારિણામિકભાવે છે, તેમાં પરિણમન કહેવાય પણ તે પરિણન સદૃશરૂપ છે, તેમાં સંસાર અને મોક્ષ-પર્યાયની જેવું ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન નથી.—આવો કારણસ્વભાવ અંતરદૃષ્ટિનો વિષય છે. આવા કારણને ઓળખે તો નિર્મળ કાર્ય (–સમ્યગ્દર્શનાદિ) થયા વિના રહે નહિ.

તારા મોક્ષમાર્ગનું કારણ તારી પાસે સતતપણે નિરંતર વહી રહ્યું છે. અંદરમાં કારણરૂપ શક્તિ ત્રિકાળ પડી છે, તેના સેવનથી મોક્ષમાર્ગ પ્રગટે છે, એ સિવાય બહારના વ્યવહારકારણના આશ્રયે તારો મોક્ષમાર્ગ નથી.

જેમ મોર થવાની શક્તિ મોરના ઈંડામાં પડી છે તેથી તેમાંથી મોર થાય છે. તેમ ચૈતન્યની શક્તિમાં પરમાત્મદશાનું સામર્થ્ય ભર્યું છે, તેમાંથી પરમાત્મદશા પ્રગટ થાય છે. પોતાના આત્માની શક્તિનો વિશ્વાસ અને મહિમા આવવો જોઈએ.

અહીં તો 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' કહીને સામાન્ય ધ્રુવની સામે વિશેષ ધ્રુવ બતાવવું છે. તે નજીકનું કારણ છે તેને 'કારણનિયમ' કહ્યો છે અને તે કારણનિયમમાં અનંતી મોક્ષપર્યાય આપવાનું સામર્થ્ય છે. પરમ ઉત્કૃષ્ટ સ્વભાવથી ભરેલો પારિણામિકભાવ છે અને તેમાં સ્થિત એવો સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ સહજ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ, તે કારણનિયમ છે. 'કારણનિયમ' કહીને શ્રી મુનિરાજે બીજા કારણનો અભાવ બતાવ્યો છે એટલે કે રાગાદિ વ્યવહારકારણો, તે ખરેખર કારણ નથી—એમ સમજાવ્યું છે.

અંતરમાં સહજ પારિણામિક ત્રિકાળ ભાવ અને તેના શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ, તે નિશ્ચયકારણ છે. તે કારણના આશ્રયે નિયમથી મોક્ષમાર્ગ પ્રગટે છે. કાર્યનિયમની સાથે કારણનિયમની વાત કરીને અદ્‌ભુત રહસ્ય ખોલ્યું છે.

કારણનિયમરૂપ સ્વભાવ દરેક આત્મામાં વર્તી જ રહ્યો છે. તેના તરફ વળીને, તેનો આશ્રય કરતાં કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.–આ રીતે પોતાનો અંતર્મુખ સ્વભાવ તે જ કારણ છે.

જેમ કાર્ય વર્તમાન છે તેમ તે કાર્યના આધારરૂપ ધ્રુવ કારણ તે પણ વર્તમાન છે. જેમ સામાન્યદ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે તેમ તેનું વિશેષરૂપ વર્તમાન...વર્તમાન ધ્રુવ પણ વર્તે છે. જો વર્તમાન પરિપૂર્ણ કારણરૂપે ધ્રુવ ન વર્તતું હોય તો મોક્ષમાર્ગરૂપી કાર્ય પ્રગટવાનું સામર્થ્ય ક્યાંથી આવશે?

અહીં 'સામાન્ય ધ્રુવ' ને 'વિશેષ ધ્રુવ' એમ કહીને કાંઈ ધ્રુવના બે ભાગ નથી બતાવતા પણ ધ્રુવ સ્વભાવની પરિપૂર્ણતા બતાવવી છે.

ત્રિકાળી સામાન્ય જેમ ધ્રુવ છે તેમ તેનું વર્તમાન વિશેષ પણ ધ્રુવ છે, તેના જ આશ્રયથી નિર્મળ કાર્ય પ્રગટી જાય છે, માટે તેને કારણ (અર્થાત્ કારણશુદ્ધપર્યાય) કહે છે.

ત્રિકાળી અભેદ સ્વભાવનું જોર વર્તમાનમાં પણ એવું ને એવું છે. તે દૃષ્ટિનો વિષય છે પણ તેનું વેદન તો તેના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટે તેનું થાય.

જમીનમાં નીચેનું દળ સારું હોય પણ ઉપરનું થર ક્ષારવાળું હોય તો તેમાં ઝાડ ન ઊગે. જમીનનું અંદરનું દળ સારું હોય ને ઉપરનું થર પણ સારું હોય તો તેના આધારે ઝાડ ઊગે એમ આત્મામાં ત્રિકાળી ધ્રુવ સ્વભાવનું દળ તો શુદ્ધ છે ને તેનું વર્તમાન થર પણ એવું જ શુદ્ધ છે, તેના આધારે મોક્ષમાર્ગ-ઝાડ ઊગે છે.

'વર્તમાન' કહેતાં અહીં વર્તમાન વર્તતી ઉત્પાદ-વ્યયવાળી પર્યાય ન લેવી પણ વર્તમાન વર્તતું ધ્રુવ સમજવું. ધ્રુવ-આશ્રય વર્તમાનમાં પડ્યો છે—એમ અહીં અંદરનો આશ્રય બતાવવો છે.

અહો! ચૈતન્યભગવાન, ધ્રુવ જ્ઞાયકસ્વભાવથી ભરેલો, પરમ પારિણામિકભાવ છે, તેના સહજ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ પણ વર્તમાન...વર્તમાન ધ્રુવ છે. ભાઈ! તું અંતરમાં જ્યારે જો ત્યારે મોક્ષનું કારણ તારી પાસે વર્તમાનમાં પડયું છે. તે કારણને નવું ઉત્પન્ન કરવું પડતું નથી, તે કારણના આશ્રયે કાર્ય પ્રગટી જાય છે. કારણ ક્યાંય બહાર શોધવા જવું પડે એમ નથી, એવું ને એવું ધ્રુવ જ્યારે જો ત્યારે વર્તમાનમાં તારી પાસે જ પડ્યું છે, તેની પ્રતીત, જ્ઞાન ને રમણતા કરવી તે મોક્ષમાર્ગ છે. ધ્રુવ કારણ તો ત્રિકાળ પડ્યું છે ને તેને ઓળખતાં મોક્ષમાર્ગ નવો પ્રગટે છે. મોક્ષમાર્ગ–શુદ્ધરત્નત્રય તે 'કાર્યનિયમ' છે

ને ધ્રુવ સ્વભાવ તે 'કારણનિયમ' છે. કારણનિયમને કરવો નથી પડતો, તે તો ત્રિકાળ છે, જ્યારે જુઓ ત્યારે અંતરમાં કારણનિયમ તરીકે આત્મા શોભી રહ્યો છે. તેના અંતર્મુખ અવલોકનથી કાર્યનિયમ પ્રગટી જાય છે–આવો કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે જ જીવનું નિયમથી કર્તવ્ય છે.

ભાઈ! તારા અંતરમાં કેવા ભંડાર ભર્યા છે—તેની આ વાત છે. જેમ લક્ષ્મીની રુચિવાળા રાગી પ્રાણીને કોઈ હીરા–માણેકનો ભંડાર બતાવે તો કેવી હોંશથી તે જુએ! તેમ જેને આત્માની રુચિ છે તેને અહીં શ્રી મુનિરાજ અંતરના ભંડાર બતાવે છે. ભાઈ! અનંતા મોક્ષના નિધાન પ્રગટે એવો તારો ભંડાર છે. અંતરની આંખ ઉઘાડીને જુએ તો ખબર પડે ને? તારો ભંડાર તને ખુલ્લો કરીને બતાવીએ છીએ. અંતરના ભંડારને દેખે તો પોતાના મોક્ષને માટે બહારના કારણ શોધવાના ઝાવા ન રહે. જેને પોતાની અંતર્શક્તિનો ભરોસો નથી ને બહારમાં કારણોને શોધે છે તેને કહે છે કે : અરે જીવ! તારા મોક્ષમાર્ગરૂપી કાર્યનું કારણ સ્વભાવરત્નત્રય ત્રિકાળ તારી પાસે છે, તેના આશ્રયે તારું કાર્ય પ્રગટી જશે. એ સિવાય, બીજા કોઈ કારણના અવલંબનથી મોક્ષમાર્ગ પ્રગટે તેમ નથી.

દરેક આત્મામાં પરમાત્મદશા પ્રગટવાની શક્તિ છે. દરેક આત્મા 'કારણપરમાત્મા' છે. 'કારણપરમાત્મા' કહેતાં ત્રિકાળી દ્રવ્ય-ગુણ અને તેની વર્તમાનરૂપ કારણશુદ્ધપર્યાય એ ત્રણે આવી જાય છે.

અહીં કારણશુદ્ધપર્યાયને (અર્થાત્ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામને) 'કારણનિયમ' કહીને મોક્ષમાર્ગના કારણની એકદમ નજીકતા બતાવવી છે. દ્રવ્ય, ગુણ ને કારણશુદ્ધપર્યાય—એ ત્રણેનું કાંઈ જુદું જુદું અવલંબન નથી. સમ્યગ્દર્શન વગેરેમાં તે ત્રણેની અભેદતાનું જ અવલંબન છે. વર્તમાન ધ્રુવરૂપ આ કારણશુદ્ધપર્યાય વગર દ્રવ્યની વર્તમાનમાં પરિપૂર્ણતા સાબિત થતી નથી અર્થાત્ અખંડતા સિદ્ધ થતી નથી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યોમાં અનાદિ અનંત એક સરખું પરિણમન છે, સદા પારિણામિકભાવે તેની પર્યાય વર્તે છે; બધાને જાણનાર જ્ઞાયકતત્ત્વ જીવ છે, તેની સંસાર કે મોક્ષરૂપ ઉત્પાદ-વ્યયવાળી પર્યાયો છે, તે સદા એકરૂપ નથી; તો તે ઉત્પાદ-વ્યય સિવાયની ધ્રુવરૂપ એવી કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત પારિણામિકભાવે જીવમાં વર્તે છે.

કેવળજ્ઞાનાદિ પ્રગટે તેની આ વાત નથી, પણ ત્રિકાળીની આ વાત છે.

સંસાર અને મોક્ષ એ બંને પર્યાયો અવ્યવસ્થિત છે એટલે કે તે ત્રિકાળ એકરૂપ નથી. સંસાર વખતે મોક્ષ-પર્યાય ન હોય ને મોક્ષ વખતે સંસાર-પર્યાય ન હોય—એ રીતે તેનો વિરહ છે. જ્યારે આ કારણશુદ્ધપર્યાય તો સદા એકરૂપ વ્યવસ્થિત છે. દ્રવ્યમાં ત્રિકાળ અભેદરૂપ હોવાથી તેનો કદી વિરહ નથી. તે ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ પરિણતિ છે.

ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોમાં તો ઉત્પાદ-વ્યયવાળી પરિણતિ પારિણામિકભાવે સદા એકરૂપ છે; ત્યારે જીવમાં ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ પરિણતિ પારિણામિકભાવે એકરૂપ છે. તેની ઉત્પાદવ્યયરૂપ પર્યાયમાં એકરૂપતા નથી પણ વિવિધતા છે. ક્યારેક મિથ્યાત્વાદિ સંસાર-પર્યાય, ક્યારેક સમ્યગ્દર્શનાદિ સાધક-દશા ને ક્યારેક પૂર્ણ શુદ્ધતારૂપ સિદ્ધ-દશા,—એમ ખંડખંડ છે પણ એકરૂપતા નથી, તે ખંડ વિનાની, એકરૂપ ધ્રુવ પરિણતિ છે તેને અહીં 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' કહ્યા છે, તે સદા એકરૂપ પારિણામિકભાવે છે.

મોક્ષમાર્ગની પર્યાયને કે ક્રોધાદિ કષાયોની પર્યાયને કોઈવાર પારિણામિકભાવે કહેવાય, તેમાં તો જુદી વિવક્ષા છે. ક્રોધાદિભાવો કર્મ નથી કરાવતું પણ જીવ પોતે કરે છે એટલે કે જીવનું પોતાનું પરિણમન છે, તેથી તેને પારિણામિકભાવે પણ કહેવાય, છતાં નિમિત્ત તરીકે તો કર્મના ઉદયાદિની અપેક્ષા છે.

જ્યારે આ કારણશુદ્ધપર્યાયમાં તો નિમિત્ત તરીકે પણ કર્મની અપેક્ષા નથી; તે તો ઉદયાદિની અપેક્ષારહિત સદા પારિણામિકભાવે વર્તે છે.

ઔદયિકાદિ ચારે ભાવો નિમિત્ત-સાપેક્ષ છે ને આ કારણશુદ્ધપર્યાય તો પારિણામિક-ભાવની નિરપેક્ષ પરિણતિ છે.

ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોના પરિણમનમાં ઓછાપણું, વધારેપણું કે વિપરીતપણું નથી, તેમાં તો સદા એકસરખાપણું જ છે. તે બધાનો જ્ઞાતા તો આત્મા છે ને આત્મામાં સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ એ કોઈ પર્યાય ત્રિકાળ એકરૂપ નથી; તો તે સિવાયનો સદા એકરૂપ ભાવ ક્યો છે—જેના આશ્રયે એકાગ્રતા થઈ શકે? તે અહીં બતાવવું છે.

ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યોના અખંડ પારિણામિકભાવને જાણનાર તો આત્મા છે; તો આત્મામાં પોતામાં પણ એક ધ્રુવ પરિણતિ અનાદિ અનંત એકરૂપ શુદ્ધપારિણામિકભાવે વર્તે છે. દ્રવ્ય, ગુણ ને કારણશુદ્ધપર્યાય એ ત્રણે અખંડપણે દ્રવ્યાર્થિકનયનો પૂરો વિષય છે. આ વગર દ્રવ્યની વર્તમાન અખંડતા સિદ્ધ થતી નથી, દૃષ્ટિનો વિષય વર્તમાનમાં પૂરો થતો નથી.

જીવની પર્યાયમાં સંસાર કે મોક્ષ એવી વિસદ્દેશતા હોવા છતાં, દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપર્યાયની એકરૂપતા કદી તૂટતી નથી.

—આ જૈનદર્શનની મૂળ વાત છે...જૈનદર્શન કહો કે વસ્તુદર્શન કહો તેની આ વાત છે. આ અલૌકિક વાત છે! અહો! સનાતન વીતરાગમાર્ગના સંત મુનિઓએ શ્રી સર્વજ્ઞભગવાનના પેટના રહસ્ય ખોલ્યાં છે.

શ્રોતા : 'કારણશુદ્ધપર્યાય'ની આવી સ્પષ્ટતા આ 'નિયમસાર'માં જ કેમ આવી?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ 'નિયમસાર'માં મુખ્યપણે મોક્ષમાર્ગનું ને મોક્ષનું કથન છે. તે બંને શુદ્ધપર્યાયો છે તેથી તે શુદ્ધપર્યાયરૂપી કાર્યની સાથે તેના કારણરૂપ 'કારણશુદ્ધપર્યાય'ની વાત આ શ્રી 'નિયમસાર'ની ટીકામાં આવી છે.

'નિયમસાર' એટલે 'નિયમથી કર્તવ્ય'. શું કર્તવ્ય? કે : શુદ્ધરત્નત્રય તે કર્તવ્ય છે. તે શુદ્ધકાર્યના કારણરૂપ 'કારણશુદ્ધપર્યાય' બતાવીને ટીકાકારે અદ્ભુત વાત કરી છે. દ્રવ્ય સાથે સદા અભેદ એવી આ 'કારણશુદ્ધપર્યાય' તે નિકટનું કારણ છે. તે કારણના અવલંબને મોક્ષમાર્ગનું શુદ્ધકાર્ય પ્રગટે છે. 'શુદ્ધકારણ'ના મનનથી 'શુદ્ધકાર્ય' પ્રગટે છે.

ટીકાકારે શરૂઆતના મંગલાચરણમાં પાંચમા શ્લોકમાં કહ્યું હતું કે "ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ કોણ?"

વળી ૧૦૦મી ગાથાની ટીકામાં કહે છે કે "સાક્ષાત્ શુદ્ધોપયોગની સંમુખ જે હું-પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ-તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે." ટીકાકાર શ્રી મુનિરાજ કહે છે કે : મારા મુખમાંથી પરમાગમરૂપી પુષ્પનો રસ ઝરે છે, એટલે આ જે ટીકા રચાય છે તે પરમાગમનો નીચોડ છે, પરમાગમનો સાર છે.

જુઓ! આ રચના!! આ કોઈ સાધારણ પુરુષની રચના નથી પણ ગણધર-પરંપરાથી આવેલી ને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિના અંતર અનુભવમાંથી નિકળેલી અલૌકિક રચના છે!

પોતે ન સમજી શકે તેથી ટીકાકારનો દોષ કાઢે, તે તો મહામૂઢતા અને સ્વચ્છંદ છે.

**ભાઈ! સાધારણ જીવોથી મુનિઓનાં હૃદય ઉકેલવા મુશ્કેલ છે.**

આ 'નિયમસાર' એટલે 'સ્વભાવરત્નત્રય'—તેની વાત ચાલે છે. 'સ્વભાવરત્નત્રય' બે પ્રકારે છે: (૧) કાર્યરૂપ સ્વભાવરત્નત્રય, (૨) કારણરૂપ સ્વભાવરત્નત્રય. (૧) સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના જે રત્નત્રય છે તે કાર્યરૂપ છે, તેને 'કાર્યનિયમ' કહે છે અને (૨) તે મોક્ષમાર્ગના કારણરૂપ એવા સ્વભાવરત્નત્રય છે તે ત્રિકાળ છે, તેને 'કારણનિયમ' કહે છે.

કેવો છે તે 'કારણનિયમ'?–સહજ પરમ પારિણામિકભાવે સ્થિત છે અને સ્વભાવ-અનંતચતુષ્ટયસ્વરૂપ છે.

જુઓ! આ કારણ!! મોક્ષમાર્ગરૂપી જે કાર્ય તેનું આ કારણ છે. કારણનિયમ કહો કે કારણશુદ્ધપર્યાય કહો—બંને એક જ છે.

'કારણશુદ્ધપર્યાય'ને 'પૂજિત પંચમભાવપરિણતિ' પણ કહેશે, અહીં તેને 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' કહ્યા છે.

અહીં માત્ર 'શુદ્ધજ્ઞાન' અથવા 'શુદ્ધજ્ઞાનચેતના' એમ ન કહેતા 'પરિણામ' શબ્દ સાથે મૂકીને 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' કહ્યા છે.

'પરિણામ' કહ્યા છતાં તે ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ નથી, એકરૂપ પારિણામિકભાવે છે; તે મોક્ષમાર્ગરૂપ નથી પણ તેના ધ્રુવ કારણરૂપ છે.

કાર્યસ્વભાવરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તો ક્ષાયિક વગેરે ભાવે છે ને કારણસ્વભાવ-રત્નત્રયરૂપ જે આ 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' તે તો સહજ પારિણામિકભાવરૂપ છે.

વ્યવહારરત્નત્રયના જે રાગાદિ વિભાવ છે તે તો મોક્ષમાર્ગ નથી ને મોક્ષમાર્ગનું કારણ પણ નથી.

આ કારણસ્વભાવરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી, પરંતુ મોક્ષમાર્ગનું કારણ છે એટલે તેને 'કારણનિયમ' કહેવાય છે. કારણનિયમના આશ્રયે જે શુદ્ધરત્નત્રય-પર્યાય પ્રગટે તે મોક્ષમાર્ગ છે, તેને 'કાર્યનિયમ' કહેવાય છે. મોક્ષમાર્ગરૂપ જે કાર્યનિયમ શુદ્ધરત્નત્રય-પર્યાય છે તે તો દ્રવ્યનો આશ્રય કરીને નવી ઉપજી છે.

આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામરૂપ જે કારણનિયમ (અર્થાત્ કારણશુદ્ધપર્યાય) છે તે કાંઈ દ્રવ્યનો આશ્રય કરીને નવો પ્રગટ્યો એમ નથી. તે તો દ્રવ્યસ્વભાવમાં પારિણામિકભાવે સદાય સ્થિત જ છે. એમાં નવું પ્રગટવાપણું નથી પણ તેનું ભાન કરનાર જીવને મોક્ષમાર્ગ

નવો પ્રગટે છે. જગતમાં તો મોક્ષમાર્ગ અનાદિ અનંત ચાલી જ રહ્યો છે પણ તે જીવને પોતાને માટે મોક્ષમાર્ગની નવીન શરૂઆત થઈ છે.

જેમ સમુદ્રમાં પાણીના દળની સપાટી એક સરખી હોય છે; તેમ આત્મામાં કારણશુદ્ધપર્યાય સદા એકસરખી છે. તેને ઉદયાદિની અપેક્ષા લાગતી નથી. તે વિશેષ પારિણામિકભાવરૂપ છે, આત્મામાં સદા સદ્દશપણે વર્તે છે. આ કારણશુદ્ધપર્યાય દરેક ગુણમાં પણ છે.

પવનના નિમિત્તે સમુદ્રના પાણીમાં તરંગો ઊઠે છે તે તો ઉપરના મોજાં છે. પાણીનું દળ જુઓ તો તે (નિસ્તરંગ) એકરૂપ છે. તેમ આત્મામાં રાગાદિ વિકારીભાવો અથવા તેના અભાવથી પ્રગટતી નિર્મળ પર્યાયો છે તે બધા અપેક્ષિત ભાવો છે, ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ છે, તે ક્ષણિક ભાવોના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

દરિયામાં જેમ પાણીનું દળ, પાણીનો શીતળ સ્વભાવ અને પાણીની (ભીતરી) સપાટી–એ ત્રણે અભેદરૂપ તે સમુદ્ર છે, તે ત્રણે હંમેશાં એવા ને એવા જ રહે છે. તેમ આત્મા ચૈતન્ય-દરિયો છે, તેમાં આત્મદ્રવ્ય, તેના જ્ઞાનાદિ ગુણો અને તેનું ધ્રુવરૂપ વર્તમાન અર્થાત્ કારણશુદ્ધપર્યાય–એ ત્રણે થઈને વસ્તુરૂપની પૂર્ણતા છે તે જ પરમ પારિણામિકભાવ છે અને તેના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

હજી આગળ જતાં (ગાથા ૧૦ થી ૧૫મા) આ વાત વિસ્તારથી આવશે.

આમાં ખાસ વાત એ છે કે : સમ્યગ્દર્શનાદિ કાર્ય વર્તમાન પર્યાયમાં થાય છે; તો તે વર્તમાનનું કારણ પણ વર્તમાનરૂપ જ બતાવવું છે. નિકટમાં નિકટ આખેઆખું કારણ પડ્યું છે, અંતરમાં વળીને પોતે તે કારણનું અવલંબન લ્યે એટલી જ વાર છે. કારણ તો સદા શુદ્ધ જ છે, તેમાં એકતા કરતાં શુદ્ધકાર્ય પ્રગટી જાય છે.

ત્રિકાળી દ્રવ્યના પરમ પારિણામિકસ્વભાવમાં લીનપણે આ કારણશુદ્ધપર્યાય સદાય વર્તે છે. તે કદી ગૌણ થતી નથી, તેનો કદી એક સમયમાત્ર પણ વિરહ નથી. દૃષ્ટિના વિષયમાં પણ તે અભેદપણે આવી જાય છે. અંતર્મુખ સ્વભાવમાં વળતાં દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપર્યાય એ ત્રણેની અભેદતાનું અવલંબન થાય છે ને તેના અવલંબને સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય પ્રગટી જાય છે. તે પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે.

ચૈતન્યનું આખેઆખું ધ્રુવ દળ વર્તમાનમાં કારણરૂપે વર્તી જ રહ્યું છે, તેમાં એકાગ્ર થઈને તેનું મનન કરતાં મોક્ષમાર્ગ પ્રગટી જાય છે.

ધ્રુવ કારણના અવલંબનથી જે મોક્ષમાર્ગ પ્રગટ્યો તે કાર્યનિયમ છે એટલે કે તે જ ખરેખર કરવાયોગ્ય કર્તવ્ય છે. આ સિવાય, રાગનું કે વ્યવહારનું અવલંબન તે ખરેખર કર્તવ્ય નથી. મોક્ષમાર્ગમાં સાથે વ્યવહારરત્નત્રય પણ હોય છે પણ તે કર્તવ્ય નથી.

વ્યવહારરત્નત્રયના રાગને જે કર્તવ્ય માને છે તે જીવ મોક્ષમાર્ગમા આવ્યો જ નથી, નિયમરૂપ કર્તવ્ય અર્થાત્ મોક્ષમાર્ગ શું છે તેની તેને ખબર પણ નથી.

શ્રી સમયસારની ૧૨મી ગાથામાં વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે–એમ કહ્યું છે એટલે કે સાધકદશામાં ભૂમિકા પ્રમાણે જે કાળે જેવો વ્યવહાર હોય તે જાણવાયોગ્ય છે; કેમકે નિશ્ચય અને વ્યવહાર બંને જેમ છે તેમ જાણે તો જ પ્રમાણ થાય છે—આ આશયથી તે તે કાળે વ્યવહારનય 'જાણેલો' પ્રયોજનવાન છે એમ કહ્યું છે પણ વ્યવહારનય 'આદરેલો' પ્રયોજનવાન છે એમ કહ્યું નથી. વ્યવહારનયના આશ્રયથી 'લાભ' માને તો મિથ્યાદૃષ્ટિ છે. શ્રી આચાર્યભગવાને તો વ્યવહારનયનો આશ્રય છોડાવીને નિશ્ચયનયના આશ્રયે જ મોક્ષ થવાનું સ્પષ્ટપણે જણાવ્યું છે.

અહીં પણ શ્રી આચાર્યદેવ સ્પષ્ટપણે કહે છે કે : નિશ્ચયરત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે એટલે તે જ નિયમ છે અને વ્યવહારરત્નત્રય તેનાથી વિપરીત છે ને વિપરીતના પરિહાર અર્થે એટલે કે વ્યવહારરત્નત્રયના આશ્રયે મોક્ષમાર્ગ નથી એમ બતાવવા માટે 'નિયમ'ની સાથે 'સાર' શબ્દ મૂકેલ છે. વ્યવહારરત્નત્રય તે નિયમ નથી–કર્તવ્ય નથી–મોક્ષમાર્ગ નથી પણ બાધકપણે વચ્ચે આવી પડે છે.

કારણપરમાત્માના અવલંબને જે વીતરાગી નિશ્ચયરત્નત્રય પ્રગટે એ 'તે નિયમ છે'–કર્તવ્ય છે— મોક્ષમાર્ગ છે—આ રીતે તે નિશ્ચયરત્નત્રય તે જ નિયમથી મોક્ષમાર્ગ છે ને તે જ સારભૂત છે.

અહીં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ જે નિશ્ચયરત્નત્રય, તેને નિયમથી કર્તવ્ય કહ્યું; તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ શું છે તે હવે ઓળખાવે છે. તેમાં 'સમ્યગ્જ્ઞાન શું છે' તે પહેલાં કહે છે :

"પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય (–ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (જાણવું) તે જ્ઞાન છે."

આત્માને સમ્યગ્જ્ઞાન થવામાં કોઈપણ પરદ્રવ્યનું અવલંબન નથી. અંતરમાં પોતાનું

પરમાત્મતત્ત્વ છે તેમાં જોડાણ કરવું એટલે કે જ્ઞાનને અંતર્મુખ કરીને જે પરમતત્ત્વને જ ઉપાદેય કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

જુઓ! આ મોક્ષમાર્ગનું સમ્યગ્જ્ઞાન!! આ જ્ઞાનમાં નિમિત્તનું કે રાગનું કાંઈપણ અવલંબન નથી; શાસ્ત્રના જાણપણારૂપ વ્યવહારજ્ઞાનના અવલંબને પણ આ જ્ઞાન થતું નથી. એકલા અંતરના સ્વભાવમાં નિકટતાથી જ આ જ્ઞાન થાય છે.

બીજી ગાથામાં કહ્યું હતું કે "શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ છે." વ્યવહારરત્નત્રય તો પરના અવલંબને છે એટલે નિરપેક્ષ નથી, તેથી તે ખરેખર માર્ગ નથી.

સમ્યગ્જ્ઞાન એટલે સ્વસંવેદન જ્ઞાન... રાગ વગરનું જ્ઞાન. તે જ્ઞાન એકલા અંતર્સ્વભાવને જ ઉપાદેય કરીને તેને અવલંબે છે ને બીજા બધાયથી નિરપેક્ષ રહે છે; એ રીતે તે જ્ઞાનમાં પરના અવલંબનની નાસ્તિ છે. અંતરમાં વળીને ઉપાદેયસ્વરૂપ એવો જે પોતાનો પરમસ્વભાવ તેનું જ્યાં અવલંબન લીધું ત્યાં બીજા બધાનું અવલંબન છૂટી ગયું છે..ઉપયોગને એકદમ અંતર્મુખ કરીને નિજ પરમતત્ત્વનું જે યથાર્થ જ્ઞાન થાય છે તે સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યગ્જ્ઞાન પોતાના શુદ્ધ પરમાત્મસ્વભાવને જ ઉપાદેય જાણે છે.

આ સમ્યગ્જ્ઞાન તે પર્યાય છે, કાર્ય છે, તે કાર્ય નવું પ્રગટે છે...મોક્ષને માટે આવું સમ્યગ્જ્ઞાન તે કર્તવ્ય છે...હવે સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે :

'ભગવાન પરમાત્માના સુખની અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઉપજતું જે પરમ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે."

જુઓ! સમ્યગ્દર્શનની અલૌકિક વ્યાખ્યા!! આત્માના આનંદનું જન્મભૂમિસ્થાન જે શુદ્ધ જીવાસ્તિકાય તેમાંથી જ સમ્યગ્દર્શન ઊપજે છે. ક્યાંય બહારના આશ્રયથી સમ્યગ્દર્શન ઊપજતું નથી. આ ભગવાન પરમાત્મા પોતે અતીન્દ્રિય સુખનો સાગર છે...તે સુખનો અભિલાષી છે એવા જીવને સમ્યગ્દર્શન થાય છે, તેની આ વાત છે. સમ્યગ્દર્શન થતાં જ તેને આનંદના વિલાસનો જન્મ થાય છે. તે આનંદનું જન્મભૂમિસ્થાન ક્યું? કે—પોતાનો શુદ્ધ જીવસ્વભાવ જ તે આનંદની ઉત્પત્તિનું જન્મભૂમિસ્થાન છે. આવા શુદ્ધાત્માની પરમ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન થતાં જ, ભગવાન સિદ્ધપરમાત્માને જેવું સુખ તેવા સુખનો અંશ સમકિતીને પોતાના વેદનમાં–સ્વાદમાં આવી જાય છે.

અહો! મારા અસંખ્ય પ્રદેશો આવા જ આનંદથી ભરપૂર છે; અહો! મારા અસંખ્ય પ્રદેશે આનંદનો જન્મ થયો!! મારા આત્માના અસંખ્ય પ્રદેશો આવા જ આનંદથી ભરપૂર છે—આવી અંતર્મુખ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્જ્ઞાનમાં અસ્તિ, નાસ્તિ ('પરદ્રવ્યને અવલંબ્યા વિના' 'નિઃશેષપણે અંતર્મુખ') બંનેની વાત લીધી છે....શ્રદ્ધા તો નિર્વિકલ્પ છે, તેના વિષયમાં બે (અસ્તિ, નાસ્તિ) ભેદ નથી...આનંદની ઉત્પત્તિનું ધામ એવી જે શુદ્ધ જીવસત્તા તેની નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

જેને ઈન્દ્રિય-વિષયોની કે પુણ્યની મીઠાસ નથી પણ શુદ્ધતત્ત્વના આનંદની અભિલાષા છે એવો જીવ અંતર્મુખ થઈને આનંદનો અનુભવ કરે છે.

શક્તિમાંથી આનંદનો નવો જન્મ થાય છે...અહો! આવું સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થયો, અસંખ્ય પ્રદેશો સુખમાં ડૂબી ગયા. આનંદનું જન્મધામ અસંખ્ય પ્રદેશી નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. અંતર્સ્વભાવના આશ્રયે જે સમ્યક્શ્રદ્ધા પ્રગટી તેને 'પરમ શ્રદ્ધાન' કહીને અહીં મોક્ષમાર્ગનું નિશ્ચય સમ્યગ્દર્શન બતાવવું છે.

—અંતરમાં આવી દશા પ્રગટે ત્યારે તો તે જીવ ચોથા ગુણસ્થાનનો અવિરતિ સમ્યગ્દષ્ટિ ધર્માત્મા થાય ને મોક્ષમાર્ગની શરૂઆત થાય. આવા નિશ્ચયસમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગની કે ધર્મની શરૂઆત પણ થતી નથી...

આ સમ્યગ્દર્શન પણ મોક્ષમાર્ગનો એક અવયવ છે; મોક્ષને માટે આ સમ્યગ્દર્શન કર્તવ્ય છે...હવે સમ્યક્ચારિત્રનું વર્ણન કરે છે.

"નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ (-નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે."

અહીં જે નિશ્ચયજ્ઞાન-દર્શન કહ્યા છે તે ત્રિકાળી સ્વભાવરૂપે લેવા. કારણપરમાત્મા સદાય જ્ઞાનદર્શનસ્વરૂપ છે. આવા સ્વરૂપમાં એકાગ્ર થઈ જવું તે સમ્યક્ચારિત્ર છે.—આ સિવાય, સ્વરૂપમાંથી ખસીને, પંચમહાવ્રતાદિ ૨૮ મૂળગુણ સંબંધી જે શુભરાગ થાય તે ખરેખર ચારિત્ર નથી, તે તો ઔદયિકભાવ છે. જ્ઞાન-દર્શનમય કારણસ્વભાવની સન્મુખ થઈને, તેના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જેને થાય છે, તેને તેમાં જ અવિચળ સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર હોય છે. કારણપરમાત્મામાં આવી સ્થિરતા તે જ મોક્ષમાર્ગનું સમ્યક્ચારિત્ર છે.—આ સિવાય, શુભરાગરૂપ વ્યવહારચારિત્ર તે મોક્ષમાર્ગ નથી.

"આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ નિર્વાણનું કારણ છે. તે 'નિયમ' શબ્દને વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે."

જુઓ! આ જૈનદર્શનનો મોક્ષમાર્ગ!! જૈનદર્શન સિવાય બીજામાં તે મોક્ષમાર્ગ છે જ નહિ ને જૈનદર્શનમાં પણ આ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ જે શુદ્ધરત્નત્રય, તે જ મોક્ષમાર્ગ છે, તે જ 'નિયમસાર' છે.

—આ સિવાય, પરાશ્રયે જેટલા ભાવો થાય, તે કોઈ મોક્ષમાર્ગ નથી. વ્યવહાર-રત્નત્રયનો શુભવિકલ્પ પણ પરના આશ્રયે થાય છે, તેથી તે પણ મોક્ષમાર્ગ નથી.

અહીં 'નિયમ' સાથે 'સાર' કહીને શ્રી આચાર્યદેવે તે બધાય પરાશ્રિતભાવોને મોક્ષમાર્ગમાંથી બાતલ કરી નાખ્યા છે. આ રીતે શુદ્ધરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના વિકલ્પોનો પણ પરિહાર કરીને નિશ્ચયરત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ છે તેનું આ શાસ્ત્રમાં વર્ણન કર્યું છે. જિનશાસનમાં તો આવો મોક્ષમાર્ગ શ્રી સર્વજ્ઞદેવે કહ્યો છે.

નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે તે મોક્ષનું કારણ છે. જુઓ! આ પણ વ્યવહાર છે. કઈ રીતે? કે- મોક્ષમાર્ગરૂપ જે પર્યાય છે તેનો વ્યય થઈને મોક્ષપર્યાય પ્રગટે છે, તે મોક્ષ-પર્યાય ધ્રુવ સ્વભાવમાંથી પ્રગટે છે, તેથી નિશ્ચયથી તો ધ્રુવ પરમાત્મા જ મોક્ષનું કારણ છે ને મોક્ષમાર્ગની પર્યાયને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે. નિશ્ચયરત્નત્રયને મોક્ષમાર્ગ કહેવો તે કાંઈ વ્યવહાર નથી, તે મોક્ષમાર્ગ તો નિશ્ચયથી જ છે; પણ તેને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહારથી છે.

અરે! નિશ્ચયરત્નત્રયને મોક્ષનું કારણ કહેવું તે પણ જ્યાં વ્યવહાર છે, તો પછી વ્યવહારરત્નત્રયની તો શી વાત? વ્યવહારરત્નત્રય તો મોક્ષનું કારણ છે જ નહિ.

આત્માના સહજ સ્વભાવમાં રહેલો જે 'કારણનિયમ' છે તે સદા શુદ્ધ છે, તે કારણનિયમનું ભાન કરીને તેનો આશ્રય કરતાં 'કાર્યનિયમ' એટલે શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તેમજ મોક્ષદશા પ્રગટી જાય છે અને એ જ કર્તવ્ય છે.

'કારણ' અને 'કાર્ય'ની અદ્‌ભુત સંધિ દર્શાવનારા સંતોને નમસ્કાર.

*પ્રયોજનસિદ્ધિ માટે*

# પર્યાયને જોવાની ચક્ષુ સર્વથા બંધ કરી દે.

(શ્રી પ્રવચનસાર, ગાથા ૧૧૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, પ્રવચનસાર શાસ્ત્ર ચાલે છે. તેમાં ૧૧૪મી ગાથા ચાલે છે. હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે એટલે કે સામાન્યપણે દ્રવ્ય તેનું તે જ છે અને વિશેષપણે દ્રવ્ય ભિન્ન-ભિન્ન અન્ય-અન્યપણે છે છતાં તે અનન્ય છે, સામાન્યથી કાંઈ જુદું નથી. અન્ય અન્ય હોવા છતાં અનન્ય છે.

દરેક દ્રવ્ય પોતાનું સ્વરૂપ કાયમ રાખીને અનેરી-અનેરી અન્ય-અન્ય અવસ્થાપણે થાય એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય અને એની ને એની છે માટે અનન્ય પણ છે.

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે;
છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.

તત્ત્વજ્ઞાન ઘણું સૂક્ષ્મ છે. પર્યાયમાં નારકીપણું આદિ અનેકપણું હોવા છતાં, તે અન્ય અન્ય હોવા છતાં, અનન્ય છે; આત્માની સાથે તે પર્યાયનું તન્મયપણું છે. ચાહે તો હિંસાના, દયાના, પૂજાના, ભક્તિના, રૌદ્રધ્યાનના પરિણામ હો પણ એ પરિણામ દ્રવ્યની પર્યાયમાં છે અને અનેરી અનેરી અવસ્થા હોવાથી અન્ય પણ કહેવાય છે; આત્મા તેમાં વર્તે છે માટે અનન્ય પણ કહેવાય છે.

ટીકા :—ખરેખર સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારા બે ચક્ષુઓ છે– (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

જેમ, નજીકમાં નજીકનું શરીર, નજીકમાં નજીકનો દિકરો કે સ્ત્રી કે કુટુંબ જેમ તદ્દન જુદી ચીજ છે તેમ આ પર્યાય અનેરી અનેરી થાય માટે અન્ય જ છે એમ નથી. પહેલાં નહોતી અને થઈ એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય છે અને દ્રવ્ય તેમાં વર્તે છે માટે અનન્ય પણ છે.

દરેક અનંત વસ્તુ પોતે પોતાથી સામાન્ય-વિશેષાત્મક છે. દ્રવ્ય તરીકે સામાન્ય અને પર્યાય તરીકે વિશેષ. એ દરેક દ્રવ્યનું સ્વતઃ સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. સામાન્યપણું એકરૂપ

સમૂહ છે અને વિશેષપણું પરના સંયોગે થાય છે કે પરથી થાય છે એમ નથી. દરેક દ્રવ્યની એ વિશેષ અવસ્થા તે તે સમયે પહેલાં નહોતી અને થઈ માટે તે અનેરા દ્રવ્યના સંબંધે થઈ એમ નથી.

તે તે સમયે તે તે પર્યાય ક્રમે સ્વકાળે ક્રમાનુસાર આવવાની હતી તે આવી તેથી તેને પહેલી પર્યાયની અપેક્ષાએ અન્ય કહીએ પણ વસ્તુની અપેક્ષાએ અનન્ય છે. આ...હા...હા! એ પર્યાય કોઈ બીજાથી થઈ છે એમ નથી.

"તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે...." દરેક દ્રવ્યને જોવા માટે પર્યાયાર્થિક ચક્ષુને બંધ કરવા કહ્યું છે. પર્યાય છે ખરી પણ તેને જોવાની આંખ સર્વથા બંધ કરવાની છે, કથંચિત્ બંધ કરીને એમ નહીં! આહાહા! ગજબ વાત છે!

પર્યાયને જોવાની ચક્ષુ સર્વથા બંધ કરી દઈને દ્રવ્યાર્થિક ચક્ષુવડે જોતાં સામાન્ય દ્રવ્ય જેનું પ્રયોજન છે તે પર્યાયમાં જણાશે. સામાન્યને જોનાર પર્યાય છે પણ તેનો વિષય વિશેષ નહીં પણ સામાન્ય છે.

પરને જોવાનું તો ક્યાંય રહ્યું! પરને—ચાહે તો ત્રણલોકનો નાથ હો–એને જોવાની આંખ તો બંધ જ કરી છે. તારામાં જે બે પ્રકાર છે–સામાન્ય ને વિશેષ તેમાં પણ વિશેષને જોવાની આંખ સર્વથા બંધ કરી દે એમ કહ્યું છે. કથંચિત્ ઉઘાડી ને કથંચિત્ બંધ કરીને અથવા ગૌણ કરીને એમ ન કહેતાં 'સર્વથા બંધ કરીને' એમ કહ્યું છે.

તારામાં જે નથી એ પરદ્રવ્ય-બાયડી-છોકરા જોવાનું બંધ કરવાનું તો કહેતાં જ નથી. પર્યાયને જોવાનું બંધ કરી દીધું એટલે સ્વને જોવાનું જ્ઞાન પ્રગટ થાય છે. દ્રવ્યને જોવે છે તો પર્યાય, પણ એ ઉઘડેલું જ્ઞાન–પર્યાય તે પર્યાયને ન જોતાં દ્રવ્યને જોવું એમ કહ્યું છે.

"પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુવડે જ્યારે અવલોકવામાં આવે છે ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું–એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલાં એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે."

પોતાના આત્માને જોવા માટે પરને જોવાનું બંધ કરી દે–એ વાત તો ક્યાંય રહી ગઈ. અહીં તો કહે છે કે પોતાની પર્યાયને જોવાની આંખને પણ સર્વથા બંધ કરી દે ત્યારે એકલા દ્રવ્યને જોવાનું જ્ઞાન પ્રગટ થશે.

નારક, તિર્યંચ, દેવ, મનુષ્યપણાને તો જોવાનું બંધ કરી દે, અરે! સિદ્ધપણું એ પણ પર્યાય છે ને! આહાહા! એ સિદ્ધની પર્યાયને પણ જોવાનું બંધ કરી દે. સમયસારમાં કહે છે કે પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કર અને અહીં કહે છે કે જે અનંતા સિદ્ધો છે એને પણ જોવાનું બંધ કરી દે.

નારક આદિ અને સિદ્ધ સહિત પાંચે પર્યાયોમાં રહેલાં એક જીવસામાન્યનું અવલોકન કર. જીવસામાન્ય જણાય છે તો પર્યાયમાં છતાં એ પાંચે વિશેષોને જોવાનું બંધ કરી દે તો તેમાં રહેલા જીવસામાન્યને જોવાનું જ્ઞાન-પર્યાય પ્રગટ થશે. એવી રીતે એકલા જીવસામાન્યને અવલોકનારા જીવોને 'એ બધું જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.

ભગવાન આત્મા! દ્રવ્યસામાન્ય જે અનંત...અનંત...અનંત... અચિંત્ય શક્તિઓનો એકરૂપ સાગર, પ્રભુ! તેને દ્રવ્યાર્થિકનયના ઉઘડેલા જ્ઞાનથી જોતા તે બધુંય જીવ જ છે. આ રીતે અંદરમાં પરિણમન કરે એટલે પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.

પર્યાયને જોનારી આંખ સર્વથા બંધ કરી દઈને અને દ્રવ્યને જોનારા ઉઘડેલા દ્રવ્યાર્થિકનયના જ્ઞાનવડે પાંચેય પર્યાયોમાં રહેલા આત્માને જો. પરમાં તો રહ્યો છે જ નહિ, પરની પર્યાયમાં તો રહ્યો છે જ નહિ, વ્યવહારે પણ રહ્યો નથી. આહાહા! આ પાંચમો આરો છે! આવો હલકો આરો છે! આહાહા! જેને પર્યાયનય પણ લાગુ પડતી નથી તેને આરો ક્યાં લાગુ પડે! આહાહા!

બંને નય આવે એ જ્ઞાન સાચું એમ નહીં પણ પર્યાય, પર્યાયનયની આંખને બંધ કરીને, પર્યાયોમાં–વિશેષોમાં રહેલાં એક જીવસામાન્યને જોવે ત્યારે જ્ઞાન સાચું કહેવાય છે.

પર્યાયનયથી જોતા પર્યાય ભાસે છે એવું જ્ઞાન કરવા કહેશે, પણ જોર અહીં વધારે છે કે પર્યાયને જોવાનું બંધ કરી દે! આહાહા! સિદ્ધની પર્યાયને જોવાનું બંધ કરી દે! અરે! ગુણભેદ પણ નહીં એવા એકરૂપ આત્માને જો! અરે! જીવો જરા શાંતિથી વિચારતા નથી, વાંચતા નથી ને એકદમ કહી નાખે કે એકાંત છે!

હવે, પર્યાયને જોવાની વાત લે છે. પર્યાયનું જ્ઞાન કરાવવાનું છે ને! પર્યાય એની છે, એનામાં છે, પર્યાયમાં એ રહેલો છે માટે જ્ઞાન કરાવવા હવે દ્રવ્યાર્થિક ચક્ષુને બંધ કરીને જોવાનું કહે છે. પરનું જ્ઞાન કરાવવાની અહીં વાત નથી. ઉઘડેલી છે તો જ્ઞાનની પર્યાય. જેમ દ્રવ્યને જોનારી જ્ઞાન પર્યાય છે તેમ પર્યાયને જોનારી પણ જ્ઞાન પર્યાય છે ને!

હવે, જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને પર્યાયર્થિક ચક્ષુવડે અવલોકતાં નારકાદિ પાંચે પર્યાયો જીવદ્રવ્યમાં રહેલી દેખાય છે તે વાત કહે છે. ❀❀❀

# ક્રમબદ્ધપર્યાય

**શ્રોતા :—** વસ્તુનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી તો એમ લાગે છે કે પુરુષાર્થનું કંઈ કામ જ નથી, પુરુષાર્થ નિરર્થક છે; કારણકે જ્યારે બધું જ નિશ્ચિત છે તો આત્માનુભૂતિ, સમ્યગ્દર્શન વગેરે પણ નિશ્ચિત માનવા પડશે પછી પુરુષાર્થ કરવાનો ક્યાં અવકાશ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર કરવાથી પુરુષાર્થ ઉડી જાય છે—એવો ભય તો અજ્ઞાનીને લાગે છે, કારણ કે તે હજુ પુરુષાર્થનું સાચું સ્વરૂપ જ જાણતો નથી. વાસ્તવમાં ક્રમબદ્ધપર્યાયને માનવાથી સમ્યક્ પુરુષાર્થનો આરંભ થાય છે, કારણ કે સંપૂર્ણ જગતનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી પર્યાય ઉપર દૃષ્ટિ નથી રહેતી, કોઈપણ પર્યાયને હઠાવવા કે લાવવાનો વિકલ્પ નથી રહેતો અને દૃષ્ટિ સ્વભાવસન્મુખ થઈ જાય છે—આ જ સમ્યક્ પુરુષાર્થ છે. જ્યાં સુધી ફેરફાર કરવાની દૃષ્ટિ થશે ત્યાં સુધી ઊંધો અને વ્યર્થ પુરુષાર્થ થતો રહેશે અને જ્યારે ફેરફાર કરવાની દૃષ્ટિ નષ્ટ થઈને સહજ સ્વભાવની દૃષ્ટિ થશે ત્યારે સમ્યક્ પુરુષાર્થ શરૂ થશે.

ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવાથી 'હું પરનું કરી દઉં, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે'—વગેરે બધી જૂઠી માન્યતાઓ સમાપ્ત થઈ જાય છે અને અંતરસ્વભાવમાં સ્થિર થવાનો માર્ગ ખુલી જાય છે.

**શ્રોતા :—** ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવું છે ક્યાં? કરવામાં કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીત થઈ. ક્રમબદ્ધની પ્રતીતમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ પણ બુદ્ધિ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો

અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું--લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધપર્યાય તેને કરવાનો વિકલ્પ શું? રાગનું કર્તૃત્વ અને શુદ્ધપર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

**શ્રોતા** :—'ક્રમનિયત' શબ્દનો શબ્દાર્થ તથા ભાવાર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—'ક્રમનિયત' શબ્દમાં ક્રમ એટલે ક્રમસર અને નિયત એટલે નિશ્ચિત ચોક્કસ. જે સમયે જે પર્યાય આવવાની તે જ આવે. ક્રમબદ્ધ છે તે ફરે નહિ. ત્રણકાળમાં જે સમયે જે પર્યાય થવાની તે જ થાય. જગતનો કર્તા ઈશ્વર તો નથી કે પરદ્રવ્યનો કર્તા આત્મા તો નથી પણ રાગનો કર્તા પણ આત્મા નથી અને પલટતી પર્યાયનો પણ કર્તા આત્મા નથી. ષટ્કારકથી સ્વતંત્રપણે કર્તા થઈને પરિણતી થાય છે, તે સત્ છે, તેને કોઈની અપેક્ષા નથી.

**શ્રોતા** :—પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય પણ આ જ પ્રકારની પર્યાય ઉત્પન્ન થાય એમ એમાં ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય એમાં પર્યાય જે સમયે નિશ્ચિત થવાની છે તે જ થાય એમ આવે છે, કેમ કે સ્વકાળે થતા પર્યાયને નિમિત્તાદિ કોઈની અપેક્ષા જ નથી.

**શ્રોતા** :—ક્રમબદ્ધ પર્યાય દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—પર્યાય ક્રમબદ્ધ દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે, એ સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે. નીચેવાળાને પ્રત્યક્ષ નથી પણ યોગ્યતા અનુસાર પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ અનુમાન જ્ઞાનથી જાણે છે.

**શ્રોતા** :—કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને યોગ્યતારૂપ જાણે છે કે તે પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન–અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞ ભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ

જાણે. ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

આહાહા! જે પર્યાયો થઈ ને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે એ જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ, પણ તે પર્યાયો વર્તમાનવત્-પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

**શ્રોતા :**—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :**—અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ તેને ફેરવવાનું ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય ક્યાંથી આવશે?-દ્રવ્યમાંથી. માટે, જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (-શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું. એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાંવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. **બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને**

ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.

શ્રોતા :—એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞનો પ્રાણ છે.

શ્રોતા :—ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ક્રમબદ્ધમાં જ્ઞાયક દ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

શ્રોતા :—વસ્તુમાં નિયત અને અનિયત બંને ધર્મો એક સાથે છે અને જ્ઞાનીને બંનેનો સ્વીકાર છે–આવી સ્થિતિમાં વસ્તુને ક્રમબદ્ધ કેમ કહે છે, સાથે રહેલ અક્રમને પણ કેમ નથી સ્વીકારતા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિયતને અને તેની સાથે રહેલા નિયત સિવાયના અનિયતને (એટલે કે પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રદ્ધા, નિમિત્ત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે, માટે તેને નિયત–અનિયતનો મેળ થયો. [અહીં 'અનિયત'નો અર્થ 'અક્રમબદ્ધ' એમ ન સમજવો, પણ નિયતની સાથે રહેલા નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં 'અનિયત' કહ્યા છે–એમ સમજવું] એ રીતે વસ્તુમાં 'નિયત' અને 'અનિયત' બંને ધર્મો એક સાથે છે એટલે અનેકાંત સ્વભાવ છે ને તેની શ્રદ્ધામાં અનેકાન્તવાદ છે.

શ્રોતા :—સમ્યક્ નિયતવાદ એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે પદાર્થમાં જે સમયે જે ક્ષેત્રે જે નિમિત્તે જેમ થવાનું તેમ થવાનું જ છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી–એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે.

**શ્રોતા** :—મિથ્યાનિયતવાદને ગૃહીતમિથ્યાત્વ કેમ કહ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—નિમિત્તથી ધર્મ થાય, રાગથી ધર્મ થાય, શરીરાદિનું આત્મા કરી શકે એવી માન્યતારૂપ અગૃહીતમિથ્યાત્વ તો અનાદિનું હતું અને જન્મ્યા પછી શાસ્ત્ર વાંચીને અથવા કુગુરુ વગેરેના નિમિત્તે મિથ્યાનિયતવાદનો નવો કદાગ્રહ ગ્રહણ કર્યો તેથી તેને ગૃહીતમિથ્યાત્વ કહેવાય છે. પહેલાં જેને અનાદિનું અગૃહીતમિથ્યાત્વ હોય તેને જ ગૃહીતમિથ્યાત્વ થાય. જીવો સાતાશીળિયાપણાથી ઈન્દ્રિયવિષયોના પોષણ માટે 'થવાનું હશે તેમ થશે' એમ કહીને એક સ્વચ્છંદતાનો માર્ગ શોધી કાઢે છે તેનું નામ ગૃહીતમિથ્યાત્વ છે.

**શ્રોતા** :—જેને પુરુષાર્થ કરવો નથી એ ક્રમબદ્ધમાં થવું હશે તેમ થશે તેમ માનીને પ્રમાદમાં પડ્યો રહેશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—અરે ભાઈ! ક્રમબદ્ધના નિર્ણયમાં અકર્તાવાદનો અનંતો પુરુષાર્થ થાય છે, અનંતો પુરુષાર્થ થયા વિના ક્રમબદ્ધ માની શકતો નથી. ક્રમબદ્ધનો સિદ્ધાંત એવો છે કે તે બધા વિરોધને તોડી નાખનારો છે. ક્રમબદ્ધમાં જ્ઞાતાપણાનો-અકર્તાપણાનો પુરુષાર્થ છે. રાગને ફેરવવો તો નથી પણ પર્યાયને કરવી કે ફેરવવી નથી. બસ જાણે....જાણે...ને જાણે. સમયસાર ગાથા ૩૨૦મા કહ્યું છે ને કે બંધમોક્ષને પણ કરતો નથી, જાણે જ છે. ક્રમબદ્ધના નિર્ણયવાળાનું લક્ષ દ્રવ્ય ઉપર છે, દ્રવ્ય ઉપર લક્ષવાળો જ્ઞાતા છે, તેને ક્રમબદ્ધના કાળમાં રાગાદિ આવે છે પણ તેના ઉપર લક્ષ નથી, તેથી તે રાગાદિનો જાણનાર જ છે.

એક ક્રમબદ્ધને સમજે તો બધા ફેંસલા-ખુલાસા થઈ જાય. નિમિત્તથી થાય નહિ, પર્યાય આડી-અવળી થાય નહિ અને થયા વિના રહે નહિ. પોતાની પર્યાયનો પણ અકર્તા થઈ જાય. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા છે.

**શ્રોતા** :—સમ્યગ્દષ્ટિ મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે કે મોક્ષની પર્યાય જ્યારે પ્રાપ્ત થવાની છે ત્યારે મોક્ષપ્રાપ્તિ સહજ પોતાથી થઈ જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—આ સંબંધમાં અનેકાંત છે. સમ્યગ્દષ્ટિ જ્યારે મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ કરે છે ત્યારે જ મોક્ષપ્રાપ્ત થાય છે અને ત્યારે જ મોક્ષની પર્યાય થવા યોગ્ય થાય છે; આથી તે કાળે મોક્ષપ્રાપ્તિ સહજ થઈ જાય છે. સમ્યગ્દષ્ટિ તો દ્રવ્યસ્વભાવ

પર દૃષ્ટિ કરે છે અર્થાત્ વાસ્તવમાં જ્યારે દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ થાય છે ત્યારે સહજરૂપથી મોક્ષપ્રાપ્તિ થવા યોગ્ય થાય છે જ. મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ ઘણો જ વિચિત્ર પ્રકારનો છે. તાત્પર્ય એ છે કે મોક્ષપ્રાપ્તિ માટે કોઈ બાહ્ય પ્રયત્ન કરવો નથી પડતો, પરંતુ સહજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવી તથા તેમાં જ સ્થિરતા કરવી એ જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે, પ્રયત્ન છે, પુરુષાર્થ છે.

**શ્રોતા** :—સહજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ અર્થાત્ આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે કે કાળલબ્ધિથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—વાસ્તવમાં પુરુષાર્થથી થાય છે. આત્મપ્રાપ્તિ કહો કે સમ્યગ્દર્શન-એક જ વાત છે. જોકે સમયસારના કળશ-ટીકાકાર પાંડે રાજમલ્લજી તો ચોથા કળશની ટીકામાં કહે છે કે 'સમ્યક્ત્વ-વસ્તુ યત્ન સાધ્ય નથી સહજરૂપ છે' પરંતુ ત્યાં તો અન્ય અપેક્ષા છે. ત્યાં તો એમ બતાવવું છે કે જ્યારે જીવને વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તનકાળ બાકી રહે છે ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેઓ જાતે ત્યાં લખે છે–

અનંત સંસાર જીવને ભ્રમણ કરતાં જાય છે તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણેકાળ મોક્ષ જવા માટે અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવ મોક્ષ જવા યોગ્ય છે. તેઓને મોક્ષ પહોંચવાનો કાળ-પરિમાણ છે. વિવરણ-આ જીવ આટલો કાળ વિત્યા પછી મોક્ષ થશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભ્રમણ કરતાં કરતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તન માત્ર રહે છે ત્યારે સમ્યક્ત્વ ઉપજવા યોગ્ય છે તેનું નામ કાળલબ્ધિ કહેવાય છે. જોકે સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તોપણ કાળલબ્ધિ વગર કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમવા માટે યોગ્ય નથી-એવો નિયમ છે તેથી જાણવું કે સમ્યક્ત્વ વસ્તુ યત્ન સાધ્ય નથી, સહજરૂપ છે.

**શ્રોતા** :—જો એમ છે તો અમારે શું સમજવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—જુઓ; જોકે કળશ ટીકાકારે તો અહીંયા કાળલબ્ધિની મુખ્યતાથી વ્યાખ્યાન કર્યું છે, તોપણ પુરુષાર્થ વગર કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી-આ પણ એટલો જ મહત્વનો સિદ્ધાંત છે. આત્મપ્રાપ્તિના પ્રસંગમાં તો તેની જ મુખ્યતા કરવી યોગ્ય છે. અહીંયા આ વાતનો વિચાર કરવા યોગ્ય છે કે આત્મપ્રાપ્તિના પ્રસંગમાં

સમ્યક્ પુરુષાર્થ શું છે? સમ્યક્ પુરુષાર્થ વિના આત્મપ્રાપ્તિ સંભવ નથી. એટલી વાત તો સિદ્ધ જ છે કે પુરુષાર્થ વગર આત્મપ્રાપ્તિ થાય જ નહિ.

હવે, આ તો વિશ્વાસ થવો જોઈએ કે મારો સ્વકાળ આવી ગયો છે અને સર્વપ્રકારે અવસર આવી ગયો છે માટે હવે સમ્યક્ પુરુષાર્થ દ્વારા જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું યોગ્ય છે. આખું જગત પોતાને રુચતી વાતનો તો તુરત જ વિશ્વાસ કરે છે પરંતુ આ સમ્યક્ પુરુષાર્થની વાતનો વિશ્વાસ નથી કરતું. કેવી વિચિત્ર વાત છે કે જે કાર્ય તેનાથી થઈ શકતું નથી, તેને કરી શકતો નથી, તેનો તો તરત વિશ્વાસ કરીને પુરુષાર્થ કરે છે, પરંતુ જે વસ્તુ પોતાની છે, પોતાનાથી થઈ શકે છે, તેનો ન વિશ્વાસ કરે છે અને ન પુરુષાર્થ કરે છે. તેથી હે ભાઈ! તું તો એવી શ્રદ્ધા કરે કે હું તો સંસાર સાગરથી તરવાના માર્ગ ઉપર જઈ રહ્યો છું. મારું સંસાર-ભ્રમણ સમાપ્તિ પર છે. તેથી, ભવ-રહિત સ્વભાવની વૃદ્ધિ કરીને પોતાનું હિત કરી લેવું જોઈએ.

**શ્રોતા** :—રાજમલ્લજી કાળલબ્ધિને જ્યાં હોય ત્યાં કેમ નાખે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—પાંચે સમવાય સાથે જ છે, રાજમલ્લજીને કાળલબ્ધિ સિદ્ધ કરવી છે. હું તો પહેલેથી જ કહું છે કે જે કાળે જે થવાનું હોય તે જ થાય. એનું જ્ઞાન થાય કોને? કે જે સ્વભાવની દૃષ્ટિ કરે તેને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય છે.

**શ્રોતા** :—જેવા ભાવ કરે તે થાય કે થવાના હોય તે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—થવાના હોય તે થાય પણ કરે છે માટે થાય છે. જે થવાના હતા તેનો કર્તા થઈને કરે છે. ખરેખર તો થવાના હતા તે થયા તેમ કોને?—કે સ્વભાવનો નિર્ણય છે તેને. જ્ઞાયકભાવની દૃષ્ટિ કરે તો થવાનું હતું તે થાય એમ સમ્યક્ નિર્ણય થાય છે.

**શ્રોતા** :—થવાનું હોય તે થાય તો પુરુષાર્થ નબળો પડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—થવાનું હોય તે થાય તે ક્યારે?—કે પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે સમ્યક્ નિર્ણય થાય. તેમાં ઘણો પુરુષાર્થ છે.

**શ્રોતા** :—જ્યારે આત્મા જ્ઞાયક જ છે, તો પછી તેમાં કરવાનું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

પુરુષાર્થ કરું...કરું..પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં જ દિશા પલટી જાય છે.

**શ્રોતા** :—પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સામે જોવાનું નથી.

**શ્રોતા** :—બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી પુરુષાર્થ કરવાનો રહેતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું જ ક્યાં છે?

**શ્રોતા** :—તેને વ્યસ્થિત બેઠું નથી એવું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર છે? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને નિર્ણય ક્યાં છે? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે? પછી વ્યવસ્થિતની ખબર પડે.

❀

☞ **એક સમયની પર્યાય તેના પરિણમન માટે દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા રાખતી નથી તો પછી નિમિત્તથી થાય-નિમિત્ત મેળવવું પડે એ વાત જ નથી રહેતી!**

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રવચન-સાગરનાં અણમૂલાં રત્નો

☞ સમ્યક્ દર્શનની પર્યાય દ્રવ્યથી નથી થઈ. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે એટલે કે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં સમ્યક્ત્વ ઉત્પત્તિનો કાળ હતો તેથી સમ્યક્ત્વ પ્રગટ થયું છે.

☞ રાગ જણાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતાનાં સ્વ-પરપ્રકાશક સ્વભાવના કારણે રાગ જણાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સ્વ-પરપ્રકાશકની પર્યાય જ પોતાને જણાય છે.

☞ અનાદિનો વિભાવ છે પણ તેની મુદ્દત એક સમયની છે અને તેની પણ સીમા-મર્યાદા છે. જ્યારે સ્વભાવની કોઈ સીમા નથી, કોઈ મર્યાદા નથી. સ્વભાવ તો અક્ષય, અમેય છે.

☞ લોકાગ્રે જવું હોય તો લોકનો સંગ છોડી દે. લોકાગ્રે એકલા રહેવાનું છે ને! તો અત્યારે જ લોકનો સંગ છોડી દે. એક શુદ્ધાત્માનો સંગ કર તો લોકાગ્રે જઈ શકીશ.

☞ ભગવાન પરમાત્મા કહે છે કે આબાલ-ગોપાલ સર્વને પ્રતિસમયે અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય જ રહ્યો છે પણ તેને વિશ્વાસ નથી; અને જે નથી જણાતું તેને જાણવામાં મરણ કરીને તીર્યંચ-નરકના ભવ કરે છે! આહાહા!

☞ વ્યકત-પર્યાય અને અવ્યક્ત-દ્રવ્ય બંનેને જાણતો હોવા છતાં વ્યકત નામ પર્યાયને દ્રવ્યસ્વભાવ અડતો નથી અને પર્યાય તે દ્રવ્યને સ્પર્શતી નથી! આહાહા!

☞ 'સર્વજ્ઞ' શક્તિમાં જે 'સર્વ' છે તે તો ઉપચારથી છે; વાસ્તવમાં તો 'આત્મજ્ઞ' છે. પોતાના આત્માને જાણતાં તેની પર્યાયના અનંત અવિભાગપ્રતિચ્છેદોને જાણતાં લોકાલોક તો આપમેળે જણાઈ જાય છે.

☞ પુણ્ય ને પાપના ભાવ પુદ્‌ગલમાં કે કર્મમાં નથી થતાં અને પોતાની પર્યાયમાં થાય છે એ અપેક્ષાએ તેને પોતાના ભાવ કહ્યા છે. પણ, જ્યારે ભેદજ્ઞાન કરવું હોય ત્યારે તો એ પુણ્ય-પાપના ભાવ પણ જડ છે, અજીવ છે, અચેતન છે.

☞ પુણ્ય-પાપના ભાવ અચેતન-જડ છે એનો અર્થ એમ નથી કે પુણ્ય-પાપના ભાવને જડ કહ્યા માટે તેમાં સ્પર્શ-રસ આદિ ગુણો છે; પણ તેમાં ચેતના નથી માટે તેને જડ કહ્યા છે, અચેતન કહ્યા છે.

☞ શરીર, વાણી, રાગાદિનું-જ્ઞેયનું જ્ઞાન થવું-જ્ઞેયાકાર જ્ઞાન થવું એ તો વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનનું જ્ઞાન થાય છે.

☞ વેદન પર્યાયમાં થાય છે, દ્રવ્યને વેદન ન હોય.

☞ ત્રણલોકનાં નાથ વિનય કરવા લાયક છે અને હું વિનય કરનાર છું-એવો સંબંધ નથી; ત્રણલોકના નાથ જ્ઞેય છે અને હું જ્ઞાયક છું-બસ એટલો જ સંબંધ છે. એ જ્ઞેય-જ્ઞાયકલક્ષણસંબંધ પણ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. પરમાર્થથી તો 'હું જ જ્ઞેય, હું જ જ્ઞાન અને હું જ જ્ઞાતા છું'. મારા દ્રવ્ય-ગુણ-પર્યાય જ જ્ઞેય અને હું જ જ્ઞાતા-એવો સંબંધ છે.

☞ જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થવાની તે સમયે તે દ્રવ્યની તે પર્યાય થવાની જ!

☞ રાગનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન પોતાનાથી પોતાનામાં થાય છે. રાગના જ્ઞાનરૂપે પોતાના જ્ઞાનની પર્યાય જ પરિણમે છે, તેને જ્ઞાન જાણે છે.

☞ શરીર, વાણી, રાગાદિ તો પોતાની પર્યાયમાં આવતાં નથી પણ તેનું જ્ઞાન પણ મારામાં નથી. જ્ઞાન પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવને જ જાણે છે.

☞ આત્મા પરની પર્યાયનો કર્તા તો નથી પણ ખરેખર તો પોતાની પર્યાયનો પણ કર્તા નથી.

☞ ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરવું છે; અને અકર્તાપણાની ઉત્કૃષ્ટ દશા એ છે કે આત્મા બંધ અને મોક્ષની પર્યાયને પણ કરતો નથી! આમાં પછી નિમિત્તની વાત જ ક્યાં રહી!

☞ વિકારી કે અવિકારી પર્યાય પોતાના ષટ્કારકથી પરિણમે છે, દ્રવ્ય-ગુણથી નહીં. પર્યાય તો દ્રવ્યને અડતી પણ નથી.

☞ પર્યાયમાં દર્શનમોહનીય કર્મને કારણે મિથ્યાભાવ ઉત્પન્ન થયો અને તેના અભાવે સમ્યક્ થાય એમ છે નહીં. મિથ્યાત્વ, સમ્યક્ કે મોક્ષરૂપ થવાનો પર્યાયમાં તે તે સમયે ઉત્પત્તિનો કાળ છે તો થાય છે.

☞ જ્ઞાન ત્રણ કાળની પર્યાયોને જાણે માટે તેને જ્ઞાયક કહેવું એ તો વ્યવહાર છે. જ્ઞાન પોતાને જાણે માટે તેને જ્ઞાયક કહેવો છે તે નિશ્ચય છે.

☞ દિવ્યધ્વનિ સાંભળવાથી સમ્યક્ત્વ થાય એમ નથી. તે સમયની પર્યાયમાં સમ્યક્ત્વ થવાનો તે સમયનો જન્મક્ષણ હતો તેથી સમ્યક્ત્વ થયું.

☞ જ્ઞાન પરને જાણતું જ નથી. પરને જાણવું-રાગને જાણવું કહેવું એ તો વ્યવહાર-કથન છે. સ્વ-પર પ્રકાશકપણું એ પણ પ્રમાણજ્ઞાન હોવાથી તે પણ વ્યવહાર છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

✲ ✲ ✲

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) દ્વારા
અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન,
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૫મો

# ❀ અમૃત સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! ફાગણ વદ ૧૦

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂ. બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. પરંતુ આ વર્ષે ૭૫મો અમૃત સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસસહ ઊજવવામાં આવ્યો.

## * પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ *

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૦-૩-૨૦૦૭ થી તા. ૧૪-૩-૨૦૦૭ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) દ્વારા અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે શ્રી સતીશભાઈ દોશી (પવઈ)ના સૌજન્યથી "કહાન એકસપ્રેસ" નામક સ્પેશ્યલ ટ્રેન દ્વારા લગભગ ૮૦૦ મુમુક્ષુઓ મુંબઈથી આવ્યા હતા.તેમાં કેટલાક તો ઘણા વર્ષો બાદ સોનગઢ આવ્યા હતા. જેઓ ઉત્સવમાં ભાગ લઈ ઘણા પ્રસન્ન જણાતા હતા. તથા બધા મળીને દેશ-વિદેશના લગભગ ૨૦૦૦ મુમુક્ષુઓ આ ઉત્સવમાં એકત્ર થયા હતા. આ ઉત્સવમાં પ્રથમવાર જ સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. જે મુમુક્ષુઓથી પ્રવચન આદિ કાર્યક્રમોમાં ચિક્કાર ભરાઈ જતો હતો.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ત્રિલોક અકૃત્રિમ જિન પૂજા, વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડળમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્ર ભક્તિ, ધાર્મિક શિક્ષણ વર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તથા આયોજક પાર્લા-સાંતાક્રુઝ મંડળના બહેનો-બાળકો-ભાઈઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ આ પ્રક્રમ બરાબર નિયમિત ચાલતો હતો.

## * ભવ્ય રથોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતીના હર્ષોપલક્ષમાં તા. ૧૩-૩-૦૭ના સવારે ધાતકી-વિદેહના ભાવિ તીર્થંકરના સમવસરણ વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં સર્વે મુમુક્ષુઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ તા. ૧૪-૩-૦૭ના રોજ ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેઓની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ બંને પ્રસંગોએ ભજનમંડળીઓએ મધુરા ભક્તિગીતો દ્વારા વાતાવરણને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. ચંદુભાઈ જોબાળિયા, ડૉ. પ્રવીણભાઈ દોશી, શ્રી હિમ્મતભાઈ ડગલી તથા શ્રી નિરંજનભાઈ (સુરત) તથા શિક્ષણવર્ગોમાં અધ્યાપન ડૉ. પ્રવીણભાઈ દોશી, શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

## * કાયમી મંડલ વિધાન પૂજા *

આ મંગલ અવસર પર કાયમી મંડલવિધાનપૂજા ૪૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૮,૪૮,૦૮૩=૭૫ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૭૫ના અંકમાં ૭૫ × ૨૦૪૭ | = | ૧,૫૩,૫૨૫.૦૦ |
| ૨. પ્રાસંગિક વિધાનપૂજા ૧ × ૧૦૦૦ | = | ૧,૦૦૦.૦૦ |
| ૩. રથયાત્રામાં બોલી | = | ૨,૩૧,૨૨૮.૦૦ |
| ૪. રૂ. ૫૦૧ની વધાઈ ૫૦૧ × ૬૦૧ | = | ૩,૦૧,૧૦૧.૦૦ |
| ૫. જિનેન્દ્ર આરતીમાં | = | ૯,૫૧૮.૦૦ |
| ૬. રથયાત્રા તથા વધાઈના સ્ટેજ પર | = | ૪૨,૧૧૯.૭૫ |
| ૭. અન્ય | = | ૧,૦૯,૫૯૨.૦૦ |
| | કુલ = | ૮,૪૮,૦૮૩.૭૫ |

તદુ ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) તરફથી આપવામાં આવ્યો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાત: ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસાર કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**અષ્ટાહ્નિકા પર્વ :** તા. ૨૪-૨-૦૭ થી ૩-૩-૦૭ સુધી ફાલ્ગુન અષ્ટાહ્નિકા મહોત્સવ શ્રી પંચમેરૂ નંદીશ્વર પૂજન વિધાન સાથે પૂજા ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવ્યો.

**મંગલ પત્રિકા લેખન :** પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૧૮મી જન્મ-જયંતી મહોત્સવ જે શ્રી દિ૦ જૈન મુમુક્ષુ મંડળ સુરત દ્વારા ઉજવાનાર છે, તેની પત્રિકાની મંગલ લેખનવિધિ તા. ૧૪-૩-૨૦૦૭ ફાગણ વદ ૧૦ બુધવારના રોજ સુવર્ણપુરીમાં યોજવામાં આવી હતી.

**માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન :**—તા. ૨૮-૩-૨૦૦૭, બુધવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૫મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

### મહાવીર—જન્મકલ્યાણક તેમ જ
### કહાનગુરુ-અધ્યાત્મતીર્થોદયનું (પરિવર્તનનું) વાર્ષિક પર્વ

ચૈત્ર સુદ-૧૩, •શનિવાર તા. ૩૧-૩-૨૦૦૭ના દિવસે શ્રી પરમાગમમંદિરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની પૂજા પછી 'સ્ટાર ઓફ ઇન્ડિયા' (–પરિવર્તનસ્થળ)માં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક અતિ આનન્દોત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે અનેક ગામોથી મુમુક્ષુઓ આવ્યા હતા.

**શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મ-જયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ જે કાળે જે ગુણની વિકારી કે અવિકારી જે પર્યાય થવાની તે જ થવાની, એ તો વસ્તુસ્થિતિ જ છે. શુભરાગ કે અશુભરાગ જે આવવાનો તે જ આવવાનો, પણ ઉપદેશ એમ ન હોય....

શ્રોતા : પુરુષાર્થ કામ ન લાગે—ફેરવી ન શકે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ફેરવી શું શકે ? રાગની રુચિ ફેરવી નાખવી એ જીવના પોતાના અધિકારની વાત છે, પછી રાગ તો જે આવવાનો તે જ આવવાનો; પુરુષાર્થ આનીકોર (–સ્વભાવની દિશામાં) વાળવાનો છે. પુરુષાર્થ સ્વભાવની દિશામાં વળ્યો પછી પણ રાગ મંદ કે તીવ્ર જે આવવાનો તે જ આવવાનો પણ તેનોય જ્ઞાતાપણે જાણનાર છે. અજ્ઞાનીને પણ રાગ જે આવવાનો તે જ આવવાનો પણ ઈ જે રાગ થાય છે તેનો કર્તા બને છે. ૪૦૩.

❀ મુમુક્ષુને સત્સમાગમ વગેરેનો શુભભાવ આવે પણ સાથે સાથે અંદર શુદ્ધતાનું ધ્યેય—શોધકવૃત્તિ—ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા હોય તેથી મારે શું?—એમ સ્વચ્છંદપણે વર્તે છે તે શુષ્કજ્ઞાની છે. મુમુક્ષુજીવ શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ'. કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે અને કોઈ જીવો જ્ઞાનના એકલા ઉઘાડની વાતો કરે તે અંદર પરિણામમાં સ્વચ્છંદ સેવનાર નિશ્ચયાભાસી છે. ગમે તેવા પાપના ભાવ આવે તેની દરકાર નહિ તે સ્વચ્છંદી છે, સ્વતંત્ર નહિ. જેને પાપનો ભય નથી, પરથી ને રાગથી ઉદાસીનતા આવી નથી તે જીવ લૂખો છે—શુષ્કજ્ઞાની છે. ભાઈ ! પાપનું સેવન કરીને નરકે જઈશ, તિર્યંચમાં અવતાર થશે. કુદરતના નિયમથી વિરુદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહિ. માટે હૃદયને ભિંજાયેલું રાખવું, શુષ્કજ્ઞાની ન થઈ જવું. અહા! બહુ આકરું કામ ભાઈ! ૪૦૪.

❀ નવ તત્ત્વોનો અનુભવ એ તો મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનથી ઉલ્ટા એ પરિણામ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, એ ગુણનું વિપરીતપણે પરિણમવું તેને મિથ્યાદર્શન કહે છે અને તે ભવભ્રમણનું કારણ છે. એ કારણના નાશને અર્થે ભગવાન આત્માને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે. ૪૦૫.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૦૭
અંક-૮ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# જ્ઞાનને ને રાગને પ્રદેશભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.

ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ—એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધાર-આધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધાર-આધેયપણું પોતપોતામાં જ છે. માટે, ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.)

*—શ્રી સમયસાર, ગાથા-૧૮૧-૧૮૩નો ભાવાર્થ*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662